# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-03-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## P.M મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમની 120મી કડીમાં રાજ્યના એકતાનગરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આરોગ્ય વન, એકતા નર્સરી, વિશ્વ વન અને મિયાવાકી ફોરેસ્ટમાં મોટા પ્રમાણમાં જોવા મળતા કૃષ્ણકમલ ફુલનો ઉલ્લેખ કર્યો હતો.

પ્રધાનમંત્રીએ ઘણા રાજ્યોમાં જળ સંરક્ષણ કાર્યને નવી ગતિ મળી છે તે અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું કે જળ સંચય – જન ભાગીદારી અભિયાન વધુને વધુ લોકોને જળ સંરક્ષણ સાથે જોડવા માટે ચલાવવામાં આવી રહ્યું છે.

પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને આ ઉનાળાની રજાઓમાં નવા શોખ કેળવવા અને રચનાત્મક કાર્યો કરવા સલાહ આપી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાપડના કચરાને સમગ્ર વિશ્વ માટે ચિંતાનું મોટું કારણ ગણાવ્યું છે.

પ્રધાનમંત્રીએ દિલ્હીમાં પહેલીવાર આયોજિત ફિટ ઇન્ડિયા કાર્નિવલ વિશે પણ વાત કરી. ફિટ રહેવા અને ફિટનેસ પ્રત્યે જાગૃતિ ફેલાવવાના ધ્યેય સાથે વિવિધ ક્ષેત્રોના લગભગ 25 હજાર લોકોએ તેમાં ભાગ લીધો હતો. પ્રધાનમંત્રી મોદીએએ કહ્યું વિશ્વભરમાં યોગ અને પરંપરાગત દવાઓ પ્રત્યે જિજ્ઞાસા વધી રહી છે. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે મોટી સંખ્યામાં યુવાનો યોગ અને આયુર્વેદને સુખાકારી માટે ઉત્તમ માધ્યમ તરીકે અપનાવી રહ્યા છે. પ્રધાનમંત્રીએ મધ્યપ્રદેશના છિંદવાડા જિલ્લામાં મહુઆના ફૂલોમાંથી બિસ્કિટ કેવી રીતે બનાવવામાં આવે છે તે વિશે પણ વાત કરી. રાજાખોહ ગામની ચાર બહેનોના પ્રયાસોને કારણે આ કૂકીઝ ખૂબ જ લોકપ્રિય બની રહી છે.

---

## પ્રફુલ પાનસેરિયા શાળા બાંધકામ અંગે તાકીદ:

શાળાઓમાં નબળા બાંધકામને સહેજ પણ નહીં ચાલવાય તેવી તાકીદ કરીને કોઈ જિલ્લામાં ગેરવહીવટ કે ગેરરીતિની માહિતી મળશે તો રાજ્ય સરકાર કડકમાં કડક પગલા લેશે તેમ શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું. વિદ્યાર્થીઓને સુરક્ષા સાથે શિક્ષણ આપવાનું કાર્ય રાજ્ય સરકારની પ્રથમ પ્રાથમિકતા રહી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

-----------------------------------------------------------------------------------

## DGP કોન્ફરન્સ :

ઇદ તેમજ અન્ય તહેવારની ઉજવણી શાંતિપૂર્ણ માહોલમાં સર્જાય તે માટે ગુજરાત પોલીસ સજ્જ છે. રાજ્યના નાગરિકો સુરક્ષિત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં તહેવારોની ઉજવણી કરી શકે તે ઉદ્દેશ સાથે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે તમામ પોલીસ કમિશનર અને પોલીસ અધિક્ષક સાથે એક વિડિઓ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. રાજ્ય પોલીસ વડા દ્વારા અપાયેલી સૂચનાઓના પ્રમાણે રાજ્યભરમાં પોલીસે સઘન પેટ્રોલિંગ શરૂ કરી દીધુ છે. આ ઉપરાંત વાહન ચેકિંગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે.

કોઇ અનિચ્છનિય ઘટના ન ઘટે તે માટે પોલીસ દ્વારા શાંતિ સમિતિની બેઠકો પણ બોલાવાઇ રહી છે. તેમજ તમામ સમાજના અગ્રણીઓ સાથે રાખીને તહેવારોની ઉજવણી શાંતિપૂર્ણ રીતે થાયે તે માટેની કામગીરી કરવામાં આવી રહી છે.

-----------------------------------------------------------------------------------

## જિલ્લામાં દસ્તાવેજ નોંધણી:

હિસાબી વર્ષ 2024-25ની કામગીરી પૂર્ણ થઇ ચૂકી છે, ત્યારે કચ્છ જીલ્લામાં એપ્રિલ 2024થી માર્ચ 2025નાં નાણાકીય વર્ષમાં 59,762 સાથે જાન્યુઆરી 2024થી લઇ 31 માર્ચ 2025ના 15 માસના ગાળામાં  કુલ એક લાખથી વધુ દસ્તાવેજની વિક્રમરૂપ નોંધણી થઇ છે, વળી, સ્ટેમ્પ ડયૂટી પેટે 500 કરોડની મોટી આવક સરકારી તિજોરીમાં જમા થઇ છે. દસ્તાવેજ નોંધણીમાં ધસારો વધતાં છેલ્લે ઓનલાઇન ટોકન આપવાનું બંધ થવા સાથે ધસારો વધતાં

નવાં ટોકન જારી કરવા પડયાં હતાં. આ તરફ દસ્તાવેજ નોંધણીની કામગીરીમાં એક મહત્ત્વનું તારણ સામે આવ્યું છે કે, પશ્ચિમ કચ્છના ત્રણ તાલુકા નખત્રાણા, લખપત અને અબડાસા તાલુકામાં દસ્તાવેજ નોંધણીનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળ્યું છે. જીલ્લાના સાત તાલુકામાં 95 ટકા દસ્તાવેજ નોંધાયા, તે સામે પશ્ચિમ કચ્છના આ ત્રણ તાલુકામાં માત્ર 5 ટકા જ દસ્તાવેજ નોંધાયા છે. જિલ્લાના દસ તાલુકામાં સૌથી વધુ દસ્તાવેજ ભુજ તાલુકામાં નોંધાયા છે. ભુજ ઉપરાંત અંજાર, મુંદરા અને ગાંધીધામ દસ્તાવેજ નોંધણીમાં મોખરે રહ્યા છે.

---------------------------------------------------------------------------------

## ઈદ ઉલ ફિત્રની ઉજવણી:

દેશભરની સાથે આજે કચ્છમાં પણ હર્ષોલ્લાસ સાથે ઇદ ઉલ ફિત્રની ઉજવણી કરવામાં આવશે. ગઈકાલે સાંજે શવવાલ મહિનાનો ચાંદ દેખાવાની સાથે રમજાન માસની પુર્ણાહુતિ થઈ હતી. ગુજરાત ચાંદ કમિટી, સુન્ની ચાંદ કમિટી કચ્છ, વગેરે સંસ્થાઓએ પણ ગઇકાલે ચાંદ દેખાયાનું જાહેર કર્યું હતું.

આજે ઇદ નિમિત્તે મુસ્લિમ બિરાદરો દ્વારા ભુજ, માંડવી, મુન્દ્રા, અંજાર, ગાંધીધામ, વગેરે શહેરો અને ગામોમાં ઈદગાહો પર સામૂહિક ઇદ નમાઝ અદા કરવામાં આવશે તેમજ એકમેકને ગળે મળીને ઇદ મુબારક પાઠવવામાં આવશે. આ સાથે સાધન સપન્ન લોકો દ્વારા જરૂરતમંદોને દાન પુણ્ય કરી મદદ કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------

## હવામાન:

**જિલ્લામાં** વાતારવણમાં વિષમતા વધી છે. વહેલી સવારે જિલ્લામાં ગુલાબી ઠંડીનો માહોલ અનુભવાયા બાદ દિવસ ચડતાં જ તાપનો પ્રભાવ વધતો જતો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે રાજ્યના કેટલાક વિસ્તારમાં તોફાની વરસાદ વરસવાની આગાહી કરી છે, ત્યારે  નલિયામાં લઘુતમ ઉષ્ણતામાન 14 ડિગ્રીએ પહોંચતાં વહેલી સવારના સમયે લોકોએ હળવી ઠંડીની ચમક અનુભવી હતી. અહીં સામાન્ય કરતાં લઘુતમ ઉષ્ણમાનમાં  પાંચ ડિગ્રી

જેટલા ઘટાડો નોંધાતા નલિયા રાજ્યનું સૌથી ઠંડું મથક બન્યું હતું. નલિયામાં મહત્તમ ઉષ્ણતામાન 35.6 ડિગ્રી નોંધાતાં વાતાવરણ વિષમ બન્યું હતું.

---